**અક્ષર પાર્ટી પ્લોટ નજીક સર્જાયો ગમખ્વાર અકસ્માત, પતિ ગંભીર ઇજાગ્રસ્ત**

## હાલોલ બાયપાસ પર ટ્રેલરે દંપતીની બાઈકને ટક્કર મારી: મહિલાનું ઘટનાસ્થળે મોત

ટ્રેલર ચાલક સામે પોલીસનો ગુનો નોંધાયો, તપાસ શરૂ



(પ્રતિનિધિ) હાલોલ, તા.2
હાલોલ-વડોદરા-ગોધરા બાયપાસ રોડ પર ટ્રેલર ચાલકે બાઈકને અડફેટમાં લેતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક પર સવાર દંપતી પૈકી મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે પતિને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પોલીસે ટ્રેલર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ખરસાલીયા ડેરી ફળિયામાં રહેતા રાજેન્દ્રસિંહ અર્જુનસિંહ ચૌહાણ પોતાની પત્ની શકુન્તલાબેન સાથે ખરસાલીયાથી કંજરી ગામે જઈ રહ્યા હતા. આ દરમિયાન હાલોલ બાયપાસ રોડ પર અક્ષર પાર્ટી પ્લોટ સામે પાટીયાના મુવાડા ગામના નાકા પાસે પાછળથી પૂરઝડપે આવેલા ટ્રેલર ચાલકે બેદરકારીપૂર્વક બાઈકને અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને પતિ-પત્ની રોડ પર પટકાતા શકુન્તલાબેનને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે રાજેન્દ્રસિંહને ગંભીર ઈજાઓ થતાં તેમને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પ્રાથમિક તપાસ બાદ ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી મૃતદેહનો પોસ્ટમોર્ટમ કરાવી પરિવારને સોંપ્યો હતો. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

## કણેટીયા નર્મદા કેનાલ પીક-અપ ડાલાની ટક્કરે બાઈક સવાર યુવકનુ મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.28
કાલોલ પોલીસ મથકે પાની મુવાડી સણસોલી ખાતે રહેતા સુરપતસિંહ ઉદેશી રાઠોડ દ્વારા નોંધાવેલી ફરિયાદ ની વિગત જોતા તેઓ તથા તેઓના મિત્ર પંકજસિંહ અને ધ્રુવદીપસિંહ એમ ત્રણેય ઈસમો હાલોલ ખાતે નોકરી કરે છે અને એક જ શિફ્ટ હોવાથી એક જ મોટરસાયકલ પર આવજા કરે છે. ગત બુધવારના રોજ ધ્રુવદીપસિંહ ની મોટરસાયકલ ઉપર ત્રણેય ઈસમો નોકરી કરી પરત આવી રહ્યા હતા ત્યારે મોટરસાયકલ પંકજસિંહ દિલીપસિંહ રાઠોડ ચલાવતા હતા અને તેઓની પાછળ ધ્રુવદીપસિંહ બિપીનકુમાર ગોહિલ ઉ.વ.૨૦ બેઠા હતા અને તેની પાછળ ફરીયાદી સુરપતસિંહ બેસેલા હતા ત્યારે રાત્રિના 10:30 કલાકે કાલોલ તાલુકાના કનેટીયા સીઆરગેટ થી આગળ નારણપુરા તરફ જવાના રસ્તે સામેથી એક મહેન્દ્ર પીકપ ના ચાલકે પૂર ઝડપે એને ભરી રીતે પોતાનું વાહન ચલાવી મોટરસાયકલને સામેથી ટક્કર મારતા પંકજસિંહને જમણા પગે જમણા હાથે ઈજાઓ પહોંચી હતી તેમજ ફરિયાદી સુરપતસિંહને પણ જમણા હાથે અને જમણા પગે ઈજાઓ પહોંચી હતી જ્યારે ધ્રુવદીપસિંહ ને માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી હતી ઈજાગ્રસ્તોને સણસોલી દવાખાને લઈ જવામાં આવ્યા હતા જ્યાં ધ્રુવદીપસિંહ વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા જ્યાં વડોદરા ખાતે ચાલુ સારવાર દરમિયાન ધ્રુવદીપસિંહનું મોત થતા તેઓના પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

**સાંસદ- ધારાસભ્યો હાજર રહ્યા**

## સિંગવડ તાલુકાના વડાપીપળા મુકામે વન વિભાગના ચેકડેમનું ખાતમુહૂર્ત



(પ્રતિનિધિ) દાહોદ, તા.28
દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશ ભાઈ ભાભોર ના વરદ હસ્તે યોજવામાં આવ્યો સિંગવડ તાલુકાના વડાપીપળા મુકામે 26 3 2026 ના રોજ વન વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા TASP યોજના અંતર્ગત ચેકડેમ રૂપિયા 2500012 લાખ ના ખર્ચે અને ખેતીવાડી ખાતા હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત ખેતીવાડીના કરોડો રૂપિયાના સાધન સહાય વિતરણ દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરના હસ્તે કરવામાં આવ્યો ત્યારે કાર્યની શરૂઆત મંચ પર બિરાજમાન મંચસ્થ મહાનુભવો દ્વારા દીપ પ્રતાવી કરવામાં આવ્યું ત્યાર પછી સ્વાગત ગીત પ્રાથમિક શાળા વડાપ્રધાનની બાલિકાઓ દ્વારા રજુ કરવામાં આવ્યું ત્યારે સાંસદ જશવંતસિંહ ભાભોર નું સ્વાગત ખેતીવાડી અધિકારી દવે દ્વારા પુષ્પકું છાપી કરવામાં આવ્યું હતું અને રંધીપુર રેન્જ આરોપો પ્રજાપતિ દ્વારા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરનું પુસ્તકો છાપી સ્વાગત ત્યાર પછી વડાપીપળા ગામના સર્વે નાગરિકો દ્વારા સાંસદ જશવંતસિંહ ભાભોરનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું.

જ્યારે માજી ધારાસભ્ય વિંછીયાભાઈ ભુરીયાનું પણ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

**કાર્યક્રમમાં પંથકના અગ્રણીઓ હાજર રહ્યા હતા**

## હાલોલ તાલુકાના કંજરી ગામના સ્ટેટ રાજવી સ્વ. ચંદ્રસિંહજી પરમારની પ્રતિમાનુ અનાવરણ



(પ્રતિનિધિ) હાલોલ, તા.28
હાલોલ તાલુકાના કંજરી ગામના સ્ટેટ રાજવી સ્વ. ચંદ્રસિંહજી પરમારની પ્રતિમાનું અનાવરણ અને ચોક નુ નામકરણ રામચરણદાસજી મહારાજના હસ્તે કરાયું. રામનવમીના પવિત્ર દિવસે શ્રી રામચંદ્ર ભગવાનના જન્મ ના અનેરા ઉત્સવ સાથે હાલોલ ના કંજરી સ્ટેટ ગામ ખાતે ધારાસભ્ય જયદ્રસિંહજી પરમાર તથા સમગ્ર રાજવી પરિવાર સ્વર્ગસ્થ ઠાકોર સરદાર ચંદ્રસિંહજી પરમારની પ્રતિમાનું અનાવરણ અને ચોક નું નામ કરણ સમારોહ નું આયોજન ખૂબ જ ઉત્સાહ અને સંગીતમય વાતાવરણમાં રાખવામાં આવ્યું હતું કંજરીશ્રી રામજી મંદિરના ગાદીપતિ શ્રી રામ શરણદાસજી મહારાજના હસ્તે સ્વર્ગસ્થ કંજરી સ્ટેટના રાજવી ઠાકોર સાહેબની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું તથા ઠાકોર સાહેબના ચંદ્રસિંહજીના સુપુત્ર એવા હાલોલ વિધાનસભા ના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ જયદ્રથસિંહજી પરમાર તેમજ મયુર ધ્વજ સિંહ પરમાર અને સમગ્ર રાજવી પરિવાર ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલોલ શહેર ભાજપ પ્રમુખ હરીશભાઈ ભરવાડ, હાલોલ નગરપાલિકા પ્રમુખ નિશાબેન દેસાઈ, કારોબારી અધ્યક્ષ પ્રમોદ સિંહજી રાઠોડ, હાલોલ નગરપાલિકાના તમામ સદસ્યો, તાલુકાના તમામ પદ અધિકારીઓ હાલોલ મત વિસ્તાર માંથી આવેલ તમામ ગામના અગ્રણીઓ, પદ અધિકારીઓ અને ખૂબ જ મોટી સંખ્યામાં આજુબાજુ વિસ્તારના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**પ્રથમ ટ્રીપમાં માં અંબાજીના નામની પ્રસાદ પણ આપવામાં આવી હતી**

## સંજેલીથી અંબાજી એસ.ટી બસની માંગણી સંતોષાતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ




(પ્રતિનિધિ) સુખસર,તા.28
સંજેલીથી ડાયરેક્ટ અંબાજી જવા માટે બસ શરૂ કરવા માટે લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી.હતી જેને ધ્યાને લઈને એસ.ટી નિગમ દ્વારા સંજેલીથી ડાયરેક્ટ અંબાજી એસ.ટી બસ શરૂ કરાતા અંબાજી ખાતે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ સહિત મુસાફર જનતામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સંજેલી થી અંબાજી જવા માટે સંજેલીના એસ.ટી ખાતામાંથી નિવૃત્ત સોમાભાઈ બી. કટારા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી તમામ જગ્યાએ રજૂઆતો કરતા આવેલ હતા.જ્યારે રામ નવમીના દિવસે તેમની માંગણીને માન આપીને સંજેલી થી અંબાજીની નવીન બસ સેવા શરૂ કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.નવીન એસ.ટી બસની માંગણી સંતોષાતા સોમાભાઈ કટારા તથા સંજેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ તાવિયાડ ની અધ્યક્ષતામાં બસને તિલક કરી માતાજીના ફોટા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સ્થાનિકો સહિત મુસાફર જનતા હાજર રહી હતી.

## દાહોદ સરકારી પોલિટેકનિક ખાતે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન



(પ્રતિનિધિ) દાહોદ, તા.28
દાહોદ, સરકારી પોલિટેકનિકમાં એન.એસ. એસ. અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, દાહોદ જિલ્લા શાખા સંચાલિત શ્રી મહંત રામદાસ ડેન્ટલ ક્લિનિકના સંયુક્ત ઉપક્રમે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં બહોડી સંખ્યામાં વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, દાહોદનાં ખજાનચી જવાહરલાલ શાહ દ્વારા ડેન્ટલ વિશે માર્ગદર્શન પૂરું પાડયુ હતું રાજ્ય રેડ ક્રોસ સોસાયટીના પ્રતિનિધિ સાબિર એ. શેખ દ્વારા પ્રેરક વ્યાખ્યાન આપવામાં આવ્યુ. ત્યાર બાદ એન.એસ. એસ. કોર્ડીનેટર સિધ્ધી.કે.શેઠ દ્વારા રેડ ક્રોસ સોસાયટીના વિવિધ કાર્યક્રમોથી વિદ્યાર્થીઓને માહીતગાર કરવામાં આવ્યા અને વિદ્યાર્થીઓને તેમાં જોડાવા માટે પ્રેરણા આપવામાં આવી. ડેન્ટિસ્ટ ડો વૈશાલીબેન શાહે ડેન્ટલ અંગે સમજ આપી કાળજી કેવી રીતે રાખવી તે અંગે વિસ્તૃત માહિતી આપી માહિતગાર કર્યા હતા જેમાં ૬ ફેકલ્ટીના ૯૦ જેટલા વિધ્યાર્થીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

## કાલોલના હિંમતપુરા નજીક બાઈકની ચોરીની ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.28
કાલોલ તાલુકાના વ્યાસડા ગામે રહેતા અને ફેબ્રિકેશનનું વ્યવસાય કરતા નરેશકુમાર બાબુભાઈ પરમાર દ્વારા નોંધેલ ફરિયાદ ની વિગત જોતા તેઓ પોતાની પલ્સર મોટરસાયકલ લઈને 14 માર્ચના રોજ પોતાના બનેવી સાથે હિંમતપુરા ગામે માધવ હોટલના ઉદઘાટનમાં ગયા હતા અને ત્યાં મોટરસાયકલ લોક કરીને મૂકી હતી સાંજના 7=30 કલાકે મોટરસાયકલ લેવા જતા મોટરસાયકલ જોવા મળી નહીં તેઓએ આસપાસ તપાસ કરતા મોટરસાયકલ મળી આવી નહીં ત્યારબાદ 25 માર્ચના રોજ તેઓએ એફઆઈઆર નોંધાવી હતી જે બાદ આજ રોજ કાલોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર સામે રૂપિયા 45,000 ની મોટરસાયકલની ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે

## શ્રી દશામોઢ વણિક જ્ઞાતિ પંચ કાલોલ દ્વારા રામનવમીની ઉજવણી તેમજ ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો




**કાલોલ :** શ્રી દશામોઢ વણિક જ્ઞાતિ પંચ, શ્રી દશામોઢ વણિક મહિલા મંડળ તથા શ્રી મોઢેશ્વરી માતંગી મંદિરના સંયુક્ત ઉપક્રમે કાલોલ પટેલ પાર્ટી પ્લોટ ખાતે ધોરણ ૧ થી કોલેજ સુધીના અંદાજે ૧૦૦ જેટલા બાળકોને જ્ઞાતિના મહાનુભાવોના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. જ્ઞાતિની બાળાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીતથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. જ્ઞાતિના પ્રમુખ નરેશભાઈ વી. શાહ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું તથા મંત્રી જગદીશભાઈ પી. શાહ દ્વારા જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિ અંગેની માહિતીનો અહેવાલ આપવામાં આવ્યો હતો. વર્ષ દરમ્યાન યોજાતા ઉત્સવો શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય મહોત્સવ, ગુંસાઈજી પ્રાગટ્ય મહોત્સવ તથા માતંગી મંદિરના પાટોત્સવમાં તન-મન-ધનથી સહયોગ આપતા તમામ મનોરથીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ભવિષ્યમાં યોજાતા કાર્યક્રમોમાં પણ સહકાર આપવા જ્ઞાતિજનોને પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

**કાલોલના કસ્બામાં એક જ કોમના બે જૂથો વચ્ચે મારામારી**

## જુથ અથડામણ મુદ્દે બન્ને પક્ષે સામસામે ફરિયાદ મહિલાઓ સહિત ૩૨ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.28
કાલોલ શહેરના કસ્બા વિસ્તારમાં ગુરુવારે મોડી રાત્રે એક જ કોમના બે જૂથો સામસામે આવી જતાં ટોળામાં સામેલ શખ્સોએ લાકડી, ડંડા, પાઈપો અને છુટા હાથે પથ્થરમારો કર્યો હોવાને પગલે કસ્બામાં મોડી રાત્રે વરવું સ્વરૂપ ધારણ કર્યું હોવાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જે ઘટના અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં બન્ને પક્ષે સામસામે નોંધાયેલી ફરિયાદમાં ૩૨ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટના અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં બન્ને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવ્યા અનુસાર વીસેક દિવસ પહેલા રમઝાન માસ દરમ્યાન સ્થાનિક એક મહિલાની તેમની જ કોમના બે શખ્સોએ છેડતી કરવાને મામલે પિડિત મહિલાએ તત્કાલીન સમયે કાલોલ પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરિયાદ નોંધાવતા પોલીસે તુફેલખાન ઈકબાલખાન પઠાણ અને મોઈનભાઈ રફિકભાઈ બેલીમ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જે અદાવત અંગે બેલિમ પરિવારની ફરિયાદી મહિલા રુકસાના રજાકભાઈ બેલિમની ફરિયાદ અનુસાર અગાઉ એક મહિલાની થયેલી છેડતી અંગે ફરિયાદની અદાવત રાખીને ગુરુવારે મોડી રાત્રે અગાઉ છેડતી કરનારા તુફેલખાન ઈકબાલખાન પઠાણ અને મોઈનભાઈ રફિકભાઈ બેલીમ બન્ને નૂરાની ચોક પાસેથી પસાર થતાં પિડિત મહિલાના પરિવારના સમીરભાઈ મકુલભાઈ બેલીમની બાઈક સાથે બાઈક અથડાવીને કહ્યું હતું કે અમારી સામે ફરિયાદ કરાવીને તમે અને પોલીસે અમારું શું ઉખેડી લીધું એમ કહીને સમીર બેલિમના હાથમાં ઈજા પહોંચાડીને તુફેલખાન અને મોઈને પોતાના અન્ય સાગરીતોને બોલાવીને એક સંપ થઈને પિડિત મહિલાના પરિવાર પર બન્ને શખ્સો તેમજ તેમના સાગરીતોએ એક જૂથ થઈને હાથમાં ડંડા સાથે હુમલો કરીને તેમજ છૂટી ઈંટો અને પથ્થર ઝીંકીને ભયજનક વાતાવરણ સર્જી દીધું હતું.

## કાલોલના હિંમતપુરા નજીક બાઈકની ચોરીની ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.28
કાલોલ તાલુકાના વ્યાસડા ગામે રહેતા અને ફેબ્રિકેશનનું વ્યવસાય કરતા નરેશકુમાર બાબુભાઈ પરમાર દ્વારા નોંધેલ ફરિયાદ ની વિગત જોતા તેઓ પોતાની પલ્સર મોટરસાયકલ લઈને 14 માર્ચના રોજ પોતાના બનેવી સાથે હિંમતપુરા ગામે માધવ હોટલના ઉદઘાટનમાં ગયા હતા અને ત્યાં મોટરસાયકલ લોક કરીને મૂકી હતી સાંજના 7=30 કલાકે મોટરસાયકલ લેવા જતા મોટરસાયકલ જોવા મળી નહીં તેઓએ આસપાસ તપાસ કરતા મોટરસાયકલ મળી આવી નહીં ત્યારબાદ 25 માર્ચના રોજ તેઓએ એફઆઈઆર નોંધાવી હતી જે બાદ આજ રોજ કાલોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર સામે રૂપિયા 45,000 ની મોટરસાયકલની ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે

**સ્થાનિકો દ્વારા ગ્રામ પંચાયત સહિત પાણી પુરવઠાના જવાબદારોને રજૂઆતો કરવા છતાં કામગીરી નહીં થઇ હોવાનો આક્ષેપ**

## ફતેપુરા તાલુકાના બાવાની હાથોડમાં એક માસથી પીવાના પાણીના વલખા મારતા સ્થાનિકો

તંત્રએ હાથ ઉંચા કરતા ગ્રામજનોએ ફાળો કરી પાઇપલાઇન નાખવાની ફરજ પડી



**હથોડ ગામમાં 500 થી 600 જેટલા ઘરોને હાલાકી**

ગામમાં પીવાના પાણીની સુવિધા માટે નલ સે જલ યોજનાની પાઇપલાઇન નાખવામાં આવેલ હતી. તે ગત એક માસ આગાઉ તૂટી જતા પાણી બંધ થઈ ગયેલ હતું. અમારી રજૂઆત પ્રત્યે એક માસ સુધી ધ્યાન નહિ અપાતા આખરે અમોએ ગ્રામજનોએ ફાળો કરી પાઈપો લાવી અમો પોતે મજૂરી કરી આ પાઇપ લાઇન નાખી છે. છતાં આજદિન સુધી અમારા ગામમાં પાણી આવતું ન હોય અમો પાણી માટે વલખા મારી રહ્યા છીએ. (નાનાભાઈ પટેલ, સ્થાનિક)

(પ્રતિનિધિ) સુખસર,તા.28
ફતેપુરા તાલુકામાં સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે પ્રજાને પીવાની પાણીની સુવિધા આપવા માટે વિવિધ યોજનાઓ દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે.તેમ છતાં કેટલાક ગામડાઓમાં પિવાના પાણીની સમસ્યા નિવારી શકાઈ નથી.અને દર વર્ષે ઉનાળાનો પ્રારંભ થતાં પાણીના પોકારો પડતા છે.તેવી જ રીતે હાલમાં હોવાનું સાંભળવા મળે સુખસર તાલુકાના બાવાની હાથોડમાં છેલ્લા એક માસથી પિવાના પાણીની સમસ્યાથી સ્થાનિકો પીડાઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના બાવાની હાથોડ ગામે 500 થી વધુ ઘરોની વસ્તી આવેલ છે.જ્યાં નલસે જલ યોજના ની પાઈપ લાઈન નાખી ગ્રામજનોને પીવાનું પાણી આપવા માટેનુ આયોજન કરવામાં આવેલ હતું.જ્યાં થોડો સમય પાણી આવ્યા બાદ બાવાની હથોડ ગામે આવતી પાઈપલાઈન તૂટી જતા છેલ્લા એક માસથી પાણી મળતું નહીં હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.

**દેવગઢબારિયામાં બુટલેગરોને લીલા લહેર અને પીનારાઓ પર કહેર!**

## દેવગઢબારિયામાં દારૂની બદીએ યુવધાન બરબાદ થઈ રહ્યુ છે, કાયદો-વ્યવસ્થા ખોરવાઈ

પીધેલાઓને પકડવામાં પાવરધી દેવગઢબારિયા પોલીસનો પનો દારૂના અડ્ડા પર પહોંચવામાં ટૂંકો પડતો હોવાની વ્યાપક ચર્ચાઓ

(પ્રતિનિધિ) દાહોદ,તા.28
એક સમયનું પંચમહાલનું પેરિસ ગણાતા દેવગઢબારિયા નગરમાં દારૂ પીધેલાઓને પકડી જેલના સળિયા પાછળ મોકલી આપવામાં દેવગઢબારિયા પોલીસ ચોક્કસ સફળ થઈ છે. પરંતુ નગરમાં કેટલીક ચોક્કસ જગ્યાએ બિન્દાસ રીતે ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપલો કરનારા સુધી પહોંચવામાં પોલીસનો પનો કેમ ટૂંકો પડી રહ્યો છે? તે વિચાર માગતો સવાલ નગરજનોમાં રોજબરોજ થતી ચર્ચામાં કેન્દ્રસ્થાને રહ્યો છે. દેવગઢ બારીયા નગરમાં દારૂ પીધેલાઓને પકડવાની હંમેશા ડ્રાઈવ ચાલતી હોય તેવા દ્રશ્યો રોજે રોજ જોવા મળી રહ્યા છે. દારૂનો નશો કરી નગરમાં ખુલ્લેઆમ રાજા પાઠમાં ટહેલવા નીકળેલાઓને દેવગઢ બારીયા પોલીસ પકડી પકડીને જેલના સળિયા પાછળ મોકલી રહી છે. કારણ કે તે કામગીરી તેમની કાયદીસરની ફરજ નો એક ભાગ છે. અને પોલીસ તે મામલે તેની નૈતિક ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહી છે. તે ઘણી સારી વાત છે. અને તેની આ નિષ્ઠાવાન ફરજ બજાવવાની કામગીરી ખરેખર અભિનંદનને પાત્ર પણ છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે પકડાયેલા આ પીધેલાઓ ક્યાંથી દારૂ વેચાતો લઈ પીએ છે તે જાણવાની તસ્દી પોલીસે લીધી છે ખરી? જો તે જાણવાની તસ્દી પોલીસે લીધી હોત તો આજે દેવગઢ બારીયા નગરમાં પીધેલા શોધ્યા ન જડે તેવી સ્થિતિનું નિર્માણ થાત અને દેવગઢ બારીયા નગર દારૂ મુક્ત બની શકત તેમ કહેવું અસ્થાને નથી. તાજેતરમાં શુક્રવારી બજારમાં પાનના એક ગલ્લા પર દેવગઢ બારીયા પોલીસે ઓચિંતો છાપો મારી વિદેશી દારૂ પકડ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમાં પણ વિદેશી દારૂ લાવનાર તેમજ વેચનારનું નામ પ્રોહિના આ ગુનામાં ન આવ્યું હોય તેવી પણ ચણભણ છે. કેટલીક વાર આવા ગુનાઓની માહિતી લેવા ગયેલા મીડિયા કર્મી સાથે પોલીસ દ્વારા બાઈ..... બાઈ..... ચારણીની રમત રમવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો છે. તે ખરેખર દુઃખદ બાબત છે. દેવગઢ બારીયા નગરમાં રાત્રિના સમયે પાણીની ટાંકી, નાયકવાડા, નાગરિક બેંક જેવા વિસ્તારમાં નગરના બુટલેગરો દ્વારા બેખોફ વિદેશી દારૂની હાટડીઓ માંડી વિદેશી દારૂનું ખુલ્લેઆમ કરાતું વેચાણ બંધ કરાવવાની તાતી જરૂર છે.